SPECIAL ISSUE: 04

The Knowledge Spectrum: An International Peer-Reviewed Multidisciplinary Journal

ISSN: 3107-3557 (Online)

66

# સૌરાષ્ટ્રની રસધારની વાર્તાઓમાં તત્વજ્ઞાન અને જીવનમૂલ્યો : પસંદગીની વાર્તાઓ સંદર્ભે

**Prof. Mayaben Prabhubhai Zala**
Assistant Professor
Smt.R. B. Patel Arts & Commerce College Sanand, Gujarat

**સારાંશ :**

ઝવેરચંદ મેઘાણી જેને 'ધરતીનું ધાવણ' કહે છે એવું લોકસાહિત્ય એટલે લોકોનું સાહિત્ય, તેમણે લોકસાહિત્ય દ્વારા ગુજરાતના લોકજીવનના ઊંડા નૈતિક, આધ્યાત્મિક અને સામાજિક મૂલ્યોને જીવંત રાખ્યા છે. ઝવેરચંદ મેઘાણીનું સાહિત્યમાં અમૂલ્ય પ્રદાન રહ્યું છે, તેથી જ ગાંધીજીએ તેમને 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ આપ્યું હતું. એમણે માત્ર લોકસાહિત્ય જ નહીં પરંતુ શિષ્ટ સાહિત્ય પણ માતબર પ્રમાણમાં આપ્યું છે. તત્વજ્ઞાનની જેમ જીવન મૂલ્યો પણ મેઘાણીના સાહિત્યમાં ભરપૂર પ્રમાણમાં જોવા મળે છે. જે આપણા સાચા માર્ગદર્શક બને છે. જીવનમૂલ્યો એટલે એક એવી આદર્શ વિચારધારા કે માન્યતા જે આપણા વર્તન અને વિચારોને સાચી દિશા તરફ લઈ જાય છે. ચારિત્ર નિર્માણમાં કે ઘડતરમાં અમૂલ્ય ફાળો આપે છે. મેઘાણીની વાર્તાઓમાં જ્ઞાન, મર્યાદા, અસ્તિત્વ, ઈશ્વર, સાચા-ખોટાના ભેદ જેવા અનેક વિચારો જોવા મળે છે. સૌરાષ્ટ્રની રસધાર વાર્તાસંગ્રહની વાર્તાઓમાં ઉપર જોયું તેમ જીવન મૂલ્યો પ્રેમ, કરુણાથી લઈને સેવા અને ક્ષમા સુધીના જોવા મળે છે. સ્ત્રીશક્તિનું સન્માન મેઘાણીની વાર્તાઓમાં જોવા મળે છે. તેમના સ્ત્રી પાત્રો ખૂબ જ મજબૂત છે. તે માત્ર અબળા નથી પણ સબળા છે. જરૂર પડ્યે તે રણચંડી બની શકે છે. લોકજીવન અને સમર્પણ તેમની વાર્તાઓનું તત્વજ્ઞાન એ છે કે સાચું સુખ ભોગવિલાસમાં નહીં, પણ પરોપકારમાં છે. નૈતિકતા અને પ્રામાણિકતા મેઘાણીની વાર્તાઓ શીખવે છે કે અધર્મનો રસ્તો ગમે તેટલો લલચામણો હોય, અંતે વિજય તો સત્યનો જ થાય છે. વાર્તાઓમાં આવતાં પશુઓ પણ (માનવેતર પાત્રો) ઘરના સભ્યો બની રહે છે. તેમાં આવતા ઘોડાનું પાત્ર હોય કે બળદ કે બીજા માનવેતર પાત્રો બધા જ એટલા મહત્વના બની રહે છે. 'વસુધૈવ કુટુમ્બકમ'નો વિચાર અહી જોવા મળે છે. લોકભાષા અને શૈલી મેઘાણીની આ કૃતિની સૌથી મોટી તાકાત તેની તળપદી સોરઠી ભાષા છે.

**ચાવીરૂપ શબ્દો** : ધાવણ, લોકજીવન, તત્વજ્ઞાન, ઘડતર, વચન પાલન, ટેક, ક્ષમાશીલતા, લોકસાહિત્ય, શૌર્ય, પ્રામાણિકતા, સોરઠી સાહિત્ય, ખમીરવંતી

---

**પ્રસ્તાવના:**

- **પ્રસ્તાવના:**

ઝવેરચંદ મેઘાણી જેને 'ધરતીનું ધાવણ' કહે છે એવું લોકસાહિત્ય એટલે લોકોનું સાહિત્ય, લોકો દ્વારા સચવાયેલું તથા પ્રસાર પામતુ સાહિત્ય. જે યંત્ર યુગ પહેલાથી સચવાયેલું રહ્યું છે. જેમાં લોકજીવનનો ધબકાર સમાયેલો છે. ભારતીય સંસ્કારોની ધરોહર એટલે આપણું લોકસાહિત્ય જેમાં જીવન મૂલ્યો અને તત્વજ્ઞાનનું ઉત્કૃષ્ટ પ્રતિબિંબ જોવા મળે છે...

લોકસાહિત્યની વાત કરીએ ત્યારે સૌથી મોખરે યાદ આવે આપણા ગુજરાતી લોકલાડીલા લોકસાહિત્યકાર ઝવેરચંદ મેઘાણી. તેમણે લોકસાહિત્ય દ્વારા ગુજરાતના લોકજીવનના ઊંડા નૈતિક, આધ્યાત્મિક અને સામાજિક મૂલ્યોને જીવંત રાખ્યા છે. ઝવેરચંદ મેઘાણીનું સાહિત્યમાં અમૂલ્ય પ્રદાન રહ્યું છે, તેથી જ ગાંધીજીએ તેમને 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ આપ્યું હતું. એમણે માત્ર લોકસાહિત્ય જ નહીં પરંતુ શિષ્ટ સાહિત્ય પણ માતબર પ્રમાણમાં આપ્યું છે. તેઓ લોકસાહિત્ય અને શિષ્ટસાહિત્ય વચ્ચે સેતુ બાંધે છે. તેમની નવલકથાઓ, વાર્તાઓ, કવિતાઓ જીવનમૂલ્યો તથા તત્વજ્ઞાનથી ભરેલી છે. લોકસાહિત્યમાં ડગલેને પગલે આ મૂલ્યો દેખા દે છે. સૌરાષ્ટ્રની રસધાર, સોરઠી બહારવટિયા, સોરઠી સંતવાણી, દાદાજીની વાતો, કંકાવટી, રઢીયાળી રાત, ચુંદડી, હાલરડા, ધરતીનું ધાવણ, લોકસાહિત્યનું સમાલોચન, યુગ વંદના, તુલસી ક્યારો, વેવિશાળ, કિલ્લોલ, વેણીના ફૂલ, સમરાંગણ, સોરઠ તારા વહેતા પાણી, માણસાઈના દીવા આ દરેક સાહિત્યમાં આપણને જીવાતા જીવનના અનેક રંગો જોવા મળે છે. જે તત્વજ્ઞાન અને જીવન મૂલ્યોથી છલોછલ છે. કડવા અને મીઠા અનુભવોનો આ સાહિત્ય નિચોડ છે.

વાર્તાઓમાં જીવનમૂલ્યો તથા તત્વજ્ઞાન જોઈએ તે પહેલાં તત્વજ્ઞાન એટલે શું? એ સમજીએ તત્વજ્ઞાન એ બે શબ્દોની બનેલી યુતિ છે. તત્વ અને જ્ઞાન. તત્વ એટલે મૂળ અથવા સત્ય અને જ્ઞાન. પાશ્ચાત્ય સાહિત્યમાં જેને 'ફિલોસોફી' તરીકે ઓળખવામાં આવે છે. તત્વજ્ઞાન એ માત્ર વિચાર નહીં પણ એક અભ્યાસ છે. પરંતુ આપણે તેને સાહિત્યમાં જોવા મળતા વિચાર સાથે સાંકળીશું ભારતીય પરંપરામાં તત્વજ્ઞાનને 'દર્શન' તરીકે ઓળખવામાં આવે છે. દર્શન જેનો સીધો વાચ્યાર્થ 'જોવું' કે 'સત્યને જોવું' એવો થાય છે. ભારતીય પરંપરામાં તત્વજ્ઞાનને બે રીતે જોવામાં આવે છે, 'આસ્તિક દર્શન અને નાસ્તિક દર્શન'. જેમાં જ્ઞાન અને નીતિશાસ્ત્રના દર્શન થાય છે.

તત્વજ્ઞાનની જેમ જીવન મૂલ્યો પણ મેઘાણીના સાહિત્યમાં ભરપૂર પ્રમાણમાં જોવા મળે છે. જે આપણા સાચા માર્ગદર્શક બને છે. જીવનમૂલ્યો એટલે એક એવી આદર્શ વિચારધારા કે માન્યતા જે આપણા વર્તન અને વિચારોને સાચી દિશા તરફ લઈ જાય છે. ચારિત્ર નિર્માણમાં કે ઘડતરમાં અમૂલ્ય ફાળો આપે છે. જીવનમૂલ્યો જેને આપણે નૈતિકતા, સત્ય, પ્રેમ, કરુણા, પ્રામાણિકતા, શિસ્ત, કૃતજ્ઞતા, સેવાભાવ, ઉપકારનો ઋણ ન ભૂલવું, વચન પાલન, ટેક, ક્ષમાશીલતા વગેરે આપણા લોકસાહિત્યમાં જોવા મળે છે. જેને સાચા જીવન મૂલ્યો ગણી શકાય. કોઈકે સાચું જ કહ્યું છે કે,- 'મૂલ્યો વગરનું જીવન સુકાન વગરના વહાણ જેવું છે, જે ગમે ત્યારે ખડક સાથે અથડાઈ શકે છે'.

- **ઝવેરચંદ મેઘાણીની વાર્તાઓમાં તત્વજ્ઞાન અને જીવનમૂલ્યો:**

મેઘાણીની વાર્તાઓમાં જ્ઞાન, મર્યાદા, અસ્તિત્વ, ઈશ્વર, સાચા-ખોટાના ભેદ જેવા અનેક વિચારો જોવા મળે છે. સૌરાષ્ટ્રની રસધાર વાર્તાસંગ્રહની વાર્તાઓમાં ઉપર જોયું તેમ જીવન મૂલ્યો પ્રેમ, કરુણાથી લઈને સેવા અને ક્ષમા સુધીના જોવા મળે છે. તેમની વાર્તાઓ માત્ર મનોરંજન નથી, પણ તે ગુજરાતની અસ્મિતા, સંસ્કાર અને માનવીય મૂલ્યોનો જીવંત દસ્તાવેજ છે. તેમની વાર્તાઓમાં રહેલું તત્વજ્ઞાન અને જીવનમૂલ્યો અનેરા છે. તેમની વાર્તાઓમાં સૌથી ઉપર જો કોઈ તત્વ હોય તો તે છે માનવતા. તેમની વાર્તાઓમાં રાજા-મહારાજાઓ કરતાં સામાન્ય માણસ, ગરીબ ખેડૂત કે બહારવટિયાના હૃદયની ઉમદા ભાવનાઓ વધુ જોવા મળે છે. માણસનું મુલ્ય, માણસાયનું મુલ્ય ગમે તેટલો ગરીબ કે પછાત માણસ હોય, તેના હૃદયમાં રહેલી ઉદારતા અને બીજાને મદદ કરવાની ભાવના તેને 'મોટો' બનાવે છે. આ વાત ખુબજ

સુંદર રીતે મેઘાણીની વાર્તાઓમાં વણાયેલી છે. દા.ત રસધારની બોળો નામની વાર્તામાં ભાવનગરના રાજા વજેસંગ તથા તેના રાજ્યનો એક નિર્ભય ગરીબ ખેડૂત સોંડા માળીની વાર્તા આલેખન પામી છે. સોંડો એક અત્યંત ગરીબ ખેડૂત છે પરંતુ તેનામાં હિંમત અને નિખાલસતા ગજબની છે. રાજા સામાન્ય સિપાહીનો વેશ ધારણ કરી તેની વાડીમાં વિસામો લેવા રોકાય છે. ત્યારે સોંડો તેને ઓળખતો નથી અને પોતાના જીવનના સંઘર્ષ, હાડમારી સામે રાજા જોતા નથી, માત્ર શિકાર કરવાના શોખીન છે એમ જણાવી રાજાને ખૂબ ગાળો દે છે. રાજા હસીને પોતાની પ્રજાની નિર્ભયતાને જુએ છે. અન્યાય સામે બોલવું એ આ નિર્ભય પ્રજાનો ગુણ છે. અજાણતાં જ તે રાજાને બોળો (છાસમાંથી બનેલ એક વાનગી) જમાડે છે. રાજા આ ગરીબ ખેડૂત પોતાની ચિંતા કર્યા વગર અતિથિની સેવા કરતો જોય ખુશ થઇ જાય છે. આપણી ભારતીય સંસ્કૃતિ પણ આજ રહી છે અને આ જ ગુણ રાજાને સ્પર્શી જાય છે. જીવનના આ સર્વોચ્ચ મૂલ્ય તેમજ ઉદારી તેનામાં ભરી છે. રાજા ખુશ થઈને ભાવનગર બોલાવી સોંડા માળીને સરપાવ આપે છે. આ વાર્તા સાથે જોડાયેલી કણબીની ડોસીની વાર્તા પણ છે. રાજા સિપાહી વેશે ખેતરના ઉભા પાક માંથી ઘોડો લઈને નીકળે છે ને ડોસી સિપાહીને બરાબર સંભળાવે છે. સિપાહી બનેલા રાજા ડોસીને ડરાવવા જાય છે કે હું સિપાહી છુ તો ડોસી રોકડું પરખાવે છે કે તને ખબર છે ને અમારા રાજા કોણ છે? મહારાજા વજેસંગ. પોતાના ઉપર ડોસીનો વિશ્વાસ જોઈ આનંદ પામે છે કે, મારી પ્રજા નિર્ભય હોવાની સાથે મારા ઉપર વિશ્વાસ પણ એટલો જ રાખે છે. રાજા આ ડોસીને તથા તેના પરિવારને જમીન લખી આપે છે.

'સૌરાષ્ટ્રની રસધાર'માં મેઘાણીએ શૌર્ય અને ત્યાગને કેન્દ્રમાં રાખ્યો છે. બલિદાન કરવું, દિલાવરી, વચન પાલન પણ એટલાજ વણાયેલા જોય શકાય છે. અહીં શૌર્ય એટલે માત્ર યુદ્ધમાં લડવું એમ નહીં, પણ સત્ય, ન્યાય અને વચન માટે માથું આપી ઉતારી દેવાની તૈયારી. અન્યાય સામે અવાજ ઉઠાવવો અને પોતાના વચન (ટેક) ખાતર જીવન ન્યોછાવર કરી દેવું. 'રંગ છે! રવાભાઈ' નામની વાર્તા ખુમારી અને શૌર્યથી ભરપૂર છે. રવાભાઈ જુંબેદારના રૂપમાં આવેલા લુંટારુઓને પારખી જઈ ગામના વાણીયાના ગાડા બચાવવા માટે જીવ સટોસટના સંઘર્ષમાં ઉતરે છે. ઘવાય છે, છતાં પોતાને અભડાવશો નહીં કહીને દારૂ ન પીવડાવવાનું જણાવે છે. આમ પોતાની ટેક અને ધર્મને જાળવી રાખે છે. ખુમારીનું અને શૌર્યનું અદ્ભુત ઉદાહરણ આ વાર્તા બની રહે છે. 'ઘેલોસા', વાણીયાની બહાદુરીની વાર્તામાં ટેક અને વચનની વાત આલેખાય છે. 'વલીમામદ આરબ' વચન ખાતર પોતાને લુંટારુઓ વચ્ચે છોડી જનાર વાણીયાની સંપતિની રક્ષા કરી એને વર્ષો પછી શોધીને પરત સોંપે છે. 'કાનિયો ઝાપડો' જે મૃત્યુને વ્હાલું કરી રક્ષકની રક્ષા કરે છે. તો 'ભીમો ગરાસિયો' એક સામાન્ય આયર લાગતો આ માણસની બહાદુરી અદભૂત છે. બહાદુરી અને દિલાવરી આ પાત્રોની ખાસિયત છે. આ વાર્તાઓ પણ શૌર્ય સાથે પ્રામાણિકતા અને આપેલ વચન કોઈપણ સંજોગોમાં પાડવાની ટેક અછતી રહેતી નથી.

સ્ત્રીશક્તિનું સન્માન મેઘાણીની વાર્તાઓમાં જોવા મળે છે. તેમના સ્ત્રી પાત્રો ખૂબ જ મજબૂત છે. તે માત્ર અબળા નથી પણ સબળા છે. જરૂર પડ્યે તે રણચંડી બની શકે છે. પરિવારના સન્માન માટે સર્વસ્વ ત્યાગી દે તેવા નારી પાત્રો આપણને સહેજે જોવા મળે. 'સાચ નેહડી' જેમાં તે સ્ત્રી આવનાર મેહમાનને મૃત્યુના મોમાંથી બચાવી સેવા કરી સાજો કરે છે. ધરમનો આ ભાઈ બેન ને જરૂર પડે ત્યારે મદદ કરવાનું વચન આપે છે. પણ પતિ શંકા કરે ત્યારે રણચંડી બની શાપ આપે છે ને નિવારણ પણ એ જ કરે છે. 'ગરાસણી' વાર્તામાં રૂપાળીબા ગરાસણીના ધધકતા શોર્યની વાત આલેખન પામે છે. જેમાં

ભારતીય આર્યનારી પોતાના શીલની રક્ષા કરતા કરતા મૃત્યુને વરે છે પણ પોતાના સંસ્કાર અને શુરાતન છોડતી નથી. 'આઈ કામબાઈ' જે રાજાની કુદ્રષ્ટી સામે પોતાના જીવની હોળી કરી દે છે ને રાજાને શાપ આપે છે. ગરાસણી જેવી જ ખુમારી અને ટેક અહી પણ જોવા મળે છે. શીલની રક્ષા અને વચન પાળવા મૃત્યુનો પણ ભય ન રાખતી આ સ્ત્રીઓ ખરેખર જીવનના મૂલ્યોને સાચી રીતે સમજાવી જાય છે.

લોકજીવન અને સમર્પણ તેમની વાર્તાઓનું તત્વજ્ઞાન એ છે કે સાચું સુખ ભોગવિલાસમાં નહીં, પણ પરોપકારમાં છે. ગાયોની રક્ષા કરવી, શરણાગતને બચાવવો અને મહેમાનની ચાકરી કરવી એ તેમના પાત્રોના મુખ્ય ધર્મ છે. 'અતિથિ દેવો ભવ:' અને શરણાગત વત્સલતા. 'જટો હલકારો', 'સેજકજી', 'ઓઢો ખુમાણ', 'વાળાની હરણપૂજા', 'એક તેતારને કારણે' વાર્તાઓ સ્વાર્પણ અને વચન માટે જીવતા આ પાત્રોની વાત વણાય છે.

નૈતિકતા અને પ્રામાણિકતા મેઘાણીની વાર્તાઓ શીખવે છે કે અધર્મનો રસ્તો ગમે તેટલો લલચામણો હોય, અંતે વિજય તો સત્યનો જ થાય છે. બહારવટિયાઓ પણ ચોક્કસ નીતિ-નિયમો અને નૈતિકતાથી બંધાયેલા રહેતા. નૈતિક અધઃપતન સામે ટકી રહેવું અને અંતરાત્માના અવાજને અનુસરવો એવા મુલ્ય વાર્તામાં મળે છે. 'કટારીનું કીર્તન' આ વાર્તામાં રાજાની રક્ષાનું વચન મૃત્યુના ભોગે પણ પાડવું એવી ટેક સાથે સેવાભક્તિનું ઉત્તમ ઉદાહરણ જોવા મળે છે. એવું જ ઉદાહરણ 'કાનિયો ઝાંપડો' જે પોતાના રક્ષક માટે જીવ આપતા પણ પાછી પાની નથી કરતો. આ વાર્તાઓ ઉત્તમ બની રહે છે. રાજા પણ પોતાના પરિવારની જેમ પોતાની પ્રજાને ચાહે છે. ભારતીય પરંપરાનો આ એક આદર્શ ગુણ છે. 'ચમારના બોલે' વાર્તામાં બેનના પ્રસંગમાં ગામનો એક ચમાર મામેરામાં ગામ આપીને આવે છે અને નિર્ભય બનીને રાજાને વાત જણાવે છે. એ જ ખુમારીમાં તેની પ્રામાણિકતાના દર્શન થાય છે. રાજાને પણ પોતાની ભૂલ સ્વીકારી અને પોતાની આબરૂ રાખીને આવનાર આ ચમાર ને ઇનામ આપે છે. 'દેપાળદે' વાર્તામાં નારીના સન્માન માટે બળદના બદલે રાજા પોતે જ ખેતર ખેડવા જોતરાય નારીના સન્માનની રક્ષા કરે છે. એ ઉત્તમ જીવનમૂલ્ય નું ઉદાહરણ બને છે.

વાર્તાઓમાં આવતાં પશુઓ પણ (માનવેતર પાત્રો) ઘરના સભ્યો બની રહે છે. તેમાં આવતા ઘોડાનું પાત્ર હોય કે બળદ કે બીજા માનવેતર પાત્રો બધા જ એટલા મહત્વના બની રહે છે. 'વસુધૈવ કુટુમ્બકમ'નો વિચાર અહી જોવા મળે છે. 'ઘોડાની પરીક્ષા'માં આવતા પાત્રો, રાજા કે આ બહારવટિયા કે અન્ય પાત્રોના સાથી બનતા ઘોડા, જે વગર બોલ્યે પણ ધણીની વાત સમજી તેની રક્ષા કરતા એને વહાલ કરતા કે પોતાના ભાવ પ્રગટ કરતા જોવા મળે છે. આ વાર્તાઓમાં આવતા પ્રસંગો અને આવા તો કેટલાય પ્રસંગો આ સાહિત્યમાં ઠેર ઠેર જોવા મળે છે. 'જેની ગાળો ખાતા ખાતા પણ ક્ષુધાર્થ ઠાકોર વજેસંગ ખરા બપોરે છાસની ઘેંસ પામ્યા તે ખેડૂતને મોટું દાન દીધું. (બોળો); જે પોતાનો કારમો શત્રુ હતો તે વીરાવાળા પર વિષ પ્રયોગ થનારો જાણીને તુરત ચાતુરી કરીને ખાંટ ભાયા મેરે શત્રુને બચાવ્યો (દુશ્મન)..... એવા પ્રસંગો સોરઠી જીવનમાં ઠેરઠેર પડ્યા છે.સાહિત્યમાં મળે તો તો કલાકૃતિ તરીકે જ સારા લાગે, અને વાસ્તવ જીવનમાં એ સમા મળે તો બેવકુફીના પરિણામો લાગે, એવી એ ઘટનાઓ છે. સોરઠી જીવનના જે સંસ્કારને સોરઠી સાહિત્ય- કલાસંપત્તિનો જનક ગણાવતા હું થાકતો નથી, તે આ સંસ્કાર છે. માણસાઈ ઘસાતી ઘસાતી પણ આટલા જમાના પછી જીવનની અનેકવિધ દીનતા વચ્ચે ઝબૂકે છે. તે આવા સંસ્કારની ઊંડી જડને આભારી છે.' - લોકસાહિત્યની વાંચનયાત્રા પૃષ્ઠ ૪૨

- **નિષ્કર્ષ:**

ઝવેરચંદ મેઘાણીની વાર્તાઓ ગુજરાતની માટીની મહેક આપે છે. તેમનું સાહિત્ય શીખવે છે કે "માણસાઈના દીવા" ક્યારેય બુઝાવા ન જોઈએ. તેમના પાત્રો દ્વારા તેઓએ જે જીવનમૂલ્યો સ્થાપ્યાં છે, તે આજે પણ આધુનિક સમાજ માટે તેટલા જ પ્રાસંગિક અને પ્રતીતિકર છે. ઝવેરચંદ મેઘાણી રચિત 'સૌરાષ્ટ્રની રસધાર' એ માત્ર વાર્તાઓનો સંગ્રહ નથી, પણ સૌરાષ્ટ્રની ખમીરવંતી ધરતીના ઇતિહાસ, સંસ્કૃતિ અને લોકજીવનનો અર્ક છે. આ ગ્રંથ દ્વારા મેઘાણીએ મૌખિક પરંપરામાં રહેલી લોકવાર્તાઓને સાહિત્યિક દેહ આપ્યો છે. 'સૌરાષ્ટ્રની રસધાર'માં રાજાઓ, બહારવટિયાઓ, સતીઓ, વીર પુરુષો અને સામાન્ય ખેડૂતોની વાર્તાઓ છે. મેઘાણીએ બહારવટિયાઓને માત્ર લૂંટારા તરીકે નહીં, પણ અન્યાય સામે લડનારા અને ચોક્કસ 'ટેક' (વચન) પાળનારા વીર તરીકે આલેખ્યાં છે (દા.ત. જોગીદાસ ખુમાણ). માણસ અને પશુ વચ્ચેનો અતૂટ સંબંધ આ વાર્તાઓમાં જોવા મળે છે. આ વાર્તાઓ વાંચતા જે મૂલ્યો ઉભરી આવે છે તે આ મુજબ છે. પ્રાણ જાય પણ વચન ન જાય એ સૌરાષ્ટ્રના પાત્રોનું મુખ્ય લક્ષણ છે. શરણાગત વત્સલતા: આશરે આવેલા દુશ્મનને પણ આશરો આપવો અને તેની રક્ષા માટે બલિદાન આપવું. ન્યાયપ્રિયતા અન્યાય સામે બગાવત કરવી, ભલે સામે ગમે તેટલી મોટી સત્તા હોય. ત્યાગ અને શૌર્ય: સ્વાર્થ વગર બીજા માટે ખપી જવાની તમન્ના. લોકભાષા અને શૈલી મેઘાણીની આ કૃતિની સૌથી મોટી તાકાત તેની તળપદી સોરઠી ભાષા છે.

**સંદર્ભ ગ્રંથો :**

૧. મેઘાણી ઝવેરચંદ, 'સૌરાષ્ટ્રની રસધાર', આવૃત્તિ સંકલિત ૨૦૦૨, પ્રકાશક: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
૨. સંપા. મેઘાણી મહેન્દ્ર, 'લોકસાહિત્યની વાંચનયાત્રા' ભાગ ૧, આવૃત્તિ પ્રથમ ૨૦૦૮, પ્રકાશક: લોકમિલાપ ટ્રસ્ટ
૩. સંપા. મેઘાણી મહેન્દ્ર, 'લોકસાહિત્યની વાંચનયાત્રા' ભાગ ૨, આવૃત્તિ પ્રથમ ૨૦૦૮, પ્રકાશક: લોકમિલાપ ટ્રસ્ટ
૪. સંપા. મેઘાણી મહેન્દ્ર, 'લોકસાહિત્યની વાંચનયાત્રા' ભાગ ૪, આવૃત્તિ પ્રથમ ૨૦૦૮, પ્રકાશક: લોકમિલાપ ટ્રસ્ટ